

હવે બદલાઈ ગયો છે
મનસુખ...
એક સામાન્ય જગદીશપુર ગામ જે એક
આદર્શ ગામ બની ગયું તેની આ વાર્તા છે
XYZ 2123
ભાગ ૩

જિગ્નેશ નામના યુવાને જગદીશપુર ગામમાંથી અજ્ઞાનતા અને પછાતપણાને દૂર કરવાના પડકારને કઈ રીતે હાથ ધર્યો તે તમે અત્યારસુધી વાંચી લીધું. અણુ ઊર્જા સંદર્ભમાં ગેરસમજ અને ભય દૂર કરવા મનસુખ, પરેશ, લક્ષ્મીબેન, સવિતા અને અન્ય ગ્રામજનો સાથે મળીને તેણે રાજસ્થાન એટમિક પાવર પ્લાન્ટની મુલાકાત ગોઠવી હતી. રાજસ્થાન એટમિક પાવર પ્લાન્ટની મુલાકાત લીધા બાદ મનસુખ, પરેશ, લક્ષ્મીબેન, સવિતાના મનમાંના સવાલો અને શંકાઓ લગભગ દૂર થઈ ગયા હતા. રાજસ્થાન એટમિક પાવર પ્લાન્ટની મુલાકાત લીધા બાદ તેમના હ્રદયમાં દેશદાઝ અને પ્રેમ જાગી ઉઠ્યો હતો અને તેમના ગામની પ્રગતિનું ચિત્ર તેમના મગજમાં રચાવા લાગ્યું હતું.

ચલો જોઈએ કે તેમનું આ સ્વપ્ન પુરું થશે ? શું જગદીશપુર ગામની હાલત બદલાશે ? શું તેમના ગામને સમૃદ્ધિ અને પ્રગતિ જોવા મળશે અને મનસુખ તથા અન્ય ગ્રામજનો છેવટે બદલાશે ?

ચલો આપણે આ આવેલા સુંદર બદલાવનો આનંદ લઈએ. . .




રાજસ્થાન એટમિક પાવર પ્લાન્ટની મુલાકાત લીધા બાદ દરેક ગ્રામજનો જિગ્નેશ સાથે ગામના સરપંચ પાસે પહોંચ્યા
નમસ્તે સરપંચ,
નમસ્તે, આવો આવો બેસો... તમારો પ્રવાસ કેવો રહ્યો ? રાજસ્થાન એટમિક પાવર પ્લાન્ટની મુલાકાત લીધા બાદ તમને કેવું લાગે છે ? તમારા ચ્હેરાની ખૂશી કહી આપે છે કે તમે ઘણો જ આનંદ કર્યો... કેમ ખરું ને મનસુખ ?
હા સરપંચ, અમે ખરેખર મજા કરી અને એવી ઘણી બધી વસ્તુઓ અમે જોઈ જે કદાચ આ જન્મમાં જોઈ શકયા ન હોત...
હા, સરપંચ આ બધું પુત્ર જિગ્નેશને કારણે જ શકય બન્યું.... જો તે અમને આ મુલાકાતે ન લઈ ગયો હોત તો અણુ ઊર્જાના લાભો અંગે અમને જાણવા જ ન મળ્યું હોત.
ખરેખર સાચું છે.. એટમિક પાવર પ્લાન્ટની આસપાસનું શુદ્ધ હરિયાળું વાતાવરણ એટલું આહલાદક હતું કે અમને ત્યાંથી અહીં પાછા આવવાનું મન જ નહોતું થતું.


હા સરપંચ.... અને વિકાસ કેવો હોય ? ગામની પ્રગતિ કેવી હોય ? લોકોનું જીવન કેવી રીતે બદલાઈ જાય છે ? તેની અમને ખબર જ ન પડત.... માત્ર જિગ્નેશને કારણે જ અમને તે જાણવાની તક મળી.
ના... ના કાકી. . ઊલટાનો હું તમારો આભારી છું કે તમે મારી વાત ખુલ્લા મનથી સાંભળી અને પાવર હાઉસની મુલાકાતે આવવા તૈયાર થયા.
ખરું કહું તો તમારા કરતા હું વધુ ખૂશ છું.... તો હવે મને કહો કે શું તમે પણ સમૃદ્ધ થવા અને ગામની પ્રગતિ કરવા માટે તૈયાર છો ?
હા, હા અમે બધા તૈયાર છીએ...
શું આવો એટમિક પાવર પ્લાન્ટ આપણા ગામમાં પણ બની શકે ખરો ?
ચોક્કસ હા, આ માટે તમે બધા તૈયાર થઈ જાઓ.. (હા..હા..હા..) પરંતુ જિગ્નેશ, તે કેવી રીતે બનશે ?



હા, હા ... આ બધું કઈ રીતે શકય બનશે ?
દાદાજી તમે આ બધુ મારી પર છોડી દો... ગયા વર્ષે સરકારે આપણા જગદીશપુર ગામની આસપાસ એટમિક એનર્જી પાવર પ્લાન્ટ બનાવવાનો નિર્ણય લીધો છે. એટમિક પાવર પ્લાન્ટ બનાવવા માટે આ ગામની જમીન સાનુકૂળ છે. હવે આપણે સરકારી અધિકારીની મુલાકાતની રાહ જોવાની રહે છે.
તો ત્યાં સુધી આપણે કંઈ નહીં કરી શકીએ ?
ના, કાકા હું એટમિક પાવર પ્લાન્ટના અધિકારી સાથે વાત કરીશ અને તેમને ગામની મુલાકાતે આવવા વિનંતી કરીશ... પરંતુ તેમાં થોડોક સમય લાગશે... તમે ચિંતા નહીં કરો... કાલે હું શહેર જવાનો છું અને થોડાક દિવસ પછી પાછો આવીશ... તમને દરેકને મારી શુભેચ્છા છે.
આયુષ્યમાન ભવ : પુત્ર
જી દાદાજી... હવે હું જાઊં છું અમે તમને પછી મળશું.



ઘણું ઘણું જીવ બેટા.... (ત્યારબાદ જિગ્નેશ ફરી શહેર જતો રહ્યો અને ગ્રામજનો પોતાના કામે લાગી ગયા અને સારા ભવિષ્યના સ્વપ્ના જોતા રહ્યા...)
થોડાક દિવસ પછી દાદાજીની ફોનની ઘંટડી વાગી ટ્રિન- ટ્રિન... ટ્રિન- ટ્રિન... ટ્રિન- ટ્રિન
અત્યારે સવાર સવારમાં કોણ હશે ? દાદાજી વિચારવા લાગ્યા.
નમસ્તે દાદાજી... હું જિગ્નેશ બોલું છું... તમારી તબિયત કેમ છે ?
અરે જિગ્નેશ... આયુષ્યમાન ભવ : પુત્ર, હું મજામાં છું... અને ત્યાં શહેરમાં શું ચાલી રહ્યું છે ?
બધુ સારું છે. મારે તમને સારા સમાચાર આપવા છે. મે એન્જિનિયરિંગની પરીક્ષા પાસ કરી લીધી અને હું એક મોટી કંપનીમાં જોડાઈ ગયો છું.
ઘણું સારું. ખરેખર તે આ બહુ જ સારા સમાચાર આપ્યા. જો તારા મમ્મી પપ્પા જીવતા હોત તો તેઓ આજે ઘણા ખૂશ થયા હોત.
દાદાજી તમે મારા માબાપ કરતા પણ ઘણાં છો... અને બીજી એક વાત... અણુ ઊર્જાના અધિકારી આપણા ગામમાં એટમિક પાવર પ્લાન્ટ માટે સર્વેક્ષણ કરવા આવી રહ્યા છે... તમે જરા ધ્યાન રાખજો. શકય હશે તો હું પણ ત્યાં આવી જઈશ.


આ પણ એક સારા સમાચાર છે. આ ખબર હું હમણાંને હમણાં ગામમાં બધાને આપીશ. ભલે દાદાજી તો હું રજા લઉં છું. હું ત્યાં આવીશ પછી આપણે વાત કરીશું... આવજો... દાદાજી... જીવતો રહે બેટા.
(એક સપ્તાહ બાદ.... ગામના લોકો ભેગા થઈને બેઠા હોય છે અને ચર્ચા કરતા હોય છે ત્યાં અચાનક ગામમાં ૩-૪ ગાડી આવીને ઊભી રહી જાય છે)
કેમ છો, બધા અમે સરકારના અણુ ઊર્જા વિભાગમાંથી આવ્યા છીએ. સરકારે અહીં તમારા ગામની આસપાસ એટમિક એનર્જી પાવર પ્લાન્ટ બાંધવાનો નિર્ણય કર્યો છે... અમે તે માટે જ અહીં આવ્યા છીએ...
ઓહ. આવો, આવો સાહેબ, અમારા જગદીશપુર ગામમાં આપ લોકોનું સ્વાગત છે. અધિકારીઓને બેસવા માટે ખૂરશી આપ.. (તેઓ બધા ખૂરશી પર બેઠા)
સાહેબ, કહો અમે તમને કઈ રીતે મદદ કરી શકીએ?
મારું નામ જીવન કુમાર છે અને આ બધા મારા સાથીદારો છે, પ્રમોદ, સાવરકર, કિશોર અને નવિન.
સરપંચ, અનેક વર્ષોના અભ્યાસ બાદ તમારા ગામની આસપાસનો વિસ્તાર એટમિક એનર્જી પ્લાન્ટ બાંધવા માટે યોગ્ય જણાયો છે... ભૌગોલિક દ્રષ્ટિએથી આ સ્થળ ભૂકંપ અને સુનામી સામે સુરક્ષિત છે અને આ જમીન એટલી બધી ફળદ્રુપ પણ નથી જેથી તમારા વ્યવસાય પર તેની કોઈ અસર નહીં પડી શકે.... એટમિક એનર્જી પ્લાન્ટ બાંધવા માટે સરકાર જે લોકોની જમીન હસ્તગત કરશે તેમને યોગ્ય વળતર આપવામાં આવશે..


અને સરપંચ સાહેબ, એટમિક પાવર પ્લાન્ટની સ્થાપનાની સાથોસાથ ગામનો પણ વિકાસ થશે, નવા માર્ગો બંધાશે, ગટર વ્યવસ્થા સુધારાશે, પાકા ટોઈલેટ ઊભા કરવામાં આવશે, આને કારણે ગ્રામજનોનું જીવન બદલાઈ જશે.
હા, અને તે ઉપરાંત તમારા ગામના યુવાનો જેઓ શિક્ષિત હોવા છતાં બેરોજગાર છે તેમને નોકરી મળવાની તક વધશે અને તેમને તેમની લાયકાત પ્રમાણે પ્રાધાન્ય અપાશે.
તમને અને તમારી આસપાસના ગ્રામજનોને પૂરતી વીજળી મળશે જેનો તમે તમારા કૂવામાંથી પાણી ખેંચી ખેતરમાં સિંચાઈ માટે ઉપયોગ કરી શકશો અને આમ પાણીને કારણે તમે વધુ પાક લઈ શકશો અને પાકની ઉપજ ઘણી વધશે...
હા, બાળકો માટે શાળા અને સારવાર માટે હોસ્પિટલ બંધાશે માટે શિક્ષણ અને તબીબી સારવાર માટે તમારે શહેર સુધી જવાની જરૂર નહીં પડે.
બસ અમને આ માટે તમારો સહકાર જોઈએ છે જેથી અમે જલદી કામ શરૂ કરી શકીએ.


આ આપણા દરેક માટે સૌભાગ્યની વાત છે... આખું ગામ તમારી સાથે છે, તમે બને એટલું જલદી કામ શરૂ કરી શકો છો... અમે તમને દરેક રીતે સહકાર આપશું અને બીજી વખત હું તમને મારા પૌત્ર જિગ્નેશ સાથે મુલાકાત કરાવીશ.
હા હા, જિગ્નેશ... મને યાદ છે તેણે અમને તમને મળવા જણાવ્યું હતું... હું કહેવાનું ભૂલી ગયો...
ચલો આપણે તેને બીજી વખત આવીશું ત્યારે મળીશું.... હવે અમે જઈએ છીએ આપણે પાછા મળીશું... આવજો... (તેમના ગયા બાદ સરપંચ અને ગામના લોકોએ ચર્ચા કરી હતી)
(થોડાક દિવસ બાદ લોકો ગામના ચોરા પર સરપંચ સાથે બેઠા હતા એવામાં ફરી ૨-૩ કાર ત્યાં આવીને ઊભી રહી અને તેમાંથી કેટલાક લોકો ઊતર્યા અને સરપંચના ઘરે આવી પહોંચ્યા)
કેમ છો સરપંચ ?
ઓ હો, આવો સાહેબ, અમે બધા મજામાં છીએ.
સરપંચસાહેબ, અમારી સાથે મામલતદાર આવ્યા છે જે તમારી જમીનની વિગતો નોંધશે, તમને દરેકને વિનંતી છે કે તમારી પાસેની જમીનની વિગતે નોંધણી કરાવો.
ભલે સાહેબ, મને થોડો સમય આપો... હું દરેક ગ્રામજનોને બોલાવી લઉં પછી તમે તેમની પાસેથી નોંધણી કરવાનું શરૂ કરો.



(ત્યારબાદ, દરેક ગ્રામજનો ચોરા આગળ ભેગા થયા અને મામલતદારને પોતાની જમીનની વિગતો આપવા લાગ્યા)
ભલે મામલતદાર સાહેબ, તમારું કામ પૂરું થયું છે.
ભલે સરપંચ,
સરપંચ સાહેબ અમે રજા લઈએ છીએ અને થોડા સમય પછી આપણે ફરી મળશું. અમારે અન્ય ગામોમાં પણ જવાનું છે અને કેટલુંક કામ કરવાનું છે.... આપણે અંદાજે એક મહિના પછી પાછા મળીશું....
આભાર, સરપંચ.
આભાર, સાહેબ
(એક મહિનો પૂરો થઈ ગયો અને ઘણાબધા અધિકારીઓ ગામમાં પહોંચી ગયા અને તેઓ સરપંચના ઘરે ગયા)
કેમ છો સરપંચ ?
બસ મજામાં, તમે કેમ છો ? તમને જોઈને અમને આનંદ થયો. હવે અમે તમારી માટે આગળ શું કરી શકીએ છે તે કહો....


સરપંચ, અમે દરેક ગ્રામજનોની જમીન
નોંધી લીધી છે અને જેમની પાસે જેટલી જમીન
છે તે પ્રમાણે તેનું વળતર નક્કી કરાયું છે. હવે અમે
વળતર ચૂકવશું જેથી કાનૂની પ્રક્રિયા પૂરી થાય
અને અમે અહીં કામ શરૂ કરી શકીએ.
ભલે સાહેબ, આ એક સારી વાત છે. તમે કહો તે રીતે
અમે તમને સહકાર આપવા તૈયાર છીએ.
(ત્યારબાદ ડિસ્ટ્રિકટ મેજિસ્ટ્રેટની
હાજરીમાં એટમિક એનર્જી
વિભાગના ઓફિસર દ્વારા દરેકને વળતરના
ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું...)
સરપંચ સાહેબ, અમને સહકાર
આપવા બદલ એટમિક એનર્જી વિભાગ
વતિ તમારા અને સરકારી પ્રોજેકટમાં
મદદ કરવા બદલ ગ્રામજનોના અમે
ઘણાં આભારી છીએ અને તમે ખરો
નિર્ણય લીધો તે બદલ તમને
અભિનંદન પણ આપીએ છીએ,
બસ હવે થોડાક જ દિવસોમાં અમે
કામ શરૂ કરીશું... કામની શરૂઆત
થાય તે દિવસે હાજર રહેવા દરેક
ગ્રામજનોને વિનંતી કરીએ છીએ જેથી
ગામની પ્રગતિના મંડાણના
તમે સાક્ષી બની રહો.
કેમ નહીં સાહેબ ? અમે ત્યાં ચોક્કસ આવીશું.
મનસુખ તું શું કહે છે ?
હા, સરપંચ સાહેબ, આ આપણા દરેક માટે ગર્વ લેવા જેવી વાત
છે.. અમે જરૂર હાજર રહીશું... (ચેકનું વિતરણ પૂરું થઈ ગયા બાદ
દરેક અધિકારીઓ રવાના થઈ ગયા અને થોડાક દિવસ બાદ નક્કી
થયેલા સ્થળ પર કામ શરૂ થઈ ગયું)


સ્થળનું દ્રષ્ય :
(દરેક ગ્રામજનો, અધિકારીઓ,
મજૂરો, મોટી ક્રેન, ઈંટો,
પથ્થર, રેતી, સળિયા વગેરે)




આવો, આવો સ્થળ પર તમારા દરેકનું સ્વાગત છે. સરપંચ, મારી ઈચ્દ્ધા છે કે શિલારોપણ તમારા શુભ હસ્તે થાય.
ભલે સાહેબ, આ અમારું સૌભાગ્ય હશે... આવ મનસુખ, અમારા ગ્રામજનોની ઈચ્છા છે કે શિલારોપણ તારા હાથે થાય.
ના ના, હું તે ન કરી શકું...
અરે કાકા આમાં ખચકાવા જેવું નથી... કંઈ નહીં થાય... તમારા માટે આ સુખદ અને ગર્વ લેવા જેવી પળ હશે.
(જિગ્નેશના સમજાવ્યા બાદ મનસુખ તૈયાર થયો અને તે જેવો આગળ વધ્યો કે તેને મોટો અવાજ સંભળાયો, આ કામ અટકાવો. કોઈ જ કામ શરૂ નહીં થાય. તમે દરેક અહીંથી ચાલ્યા જાવ...)


અરે નાથુ, લખન, ડમરુ. તમે બધા અચાનક ક્યાંથી? તમે આજે શિકારપુરથી અહીં શા માટે આવ્યા અને આટલો બધો અવાજ શેનો છે?
ભાઈ, મનસુખ, આ કંઈ સારુ નથી થતું. અમે અહીં એટમિક પાવર પ્લાન્ટ ઊભો થવા નહીં દઈએ.
હા, મનસુખ! અહીં કોઈ પાવર પ્લાન્ટ ઊભો નહીં થાય... ભલે પછી અમારે આ માટે અમારો જીવ આપવો પડે.
હા હા અહીં કોઈ પણ પાવર પ્લાન્ટ ઊભો થશે તો આપણા ખેતરો, ઘરોને કિરણોત્સર્ગથી નુકસાન થશે અને કિરણોત્સર્ગને કારણે કેન્સર તથા અન્ય બીમારીઓ ફેલાશે આપણે બધા મરી જશું.
હા...હા.. આપણે બધા મરી જઈશું. અહીં કોઈ કામ નહીં થાય... દરેક જણ જતા રહો.
ભાઈઓ, કૃપા કરી શાંત થાવ.. તમે માનો છો એવું અહીં કંઈ નહીં થાય. આ તમારો અંધવિશ્વાસ છે.



એટલામાં જ એક વ્યક્તિ જેને સરપંચ સાથે અણુ ઊર્જા સંદર્ભે મતભેદ હતા તે એકદમ આગળ આવ્યો અને તેણે સરપંચને ધક્કો માર્યો.

ચૂપ રહો સરપંચ. હું પણ આ વિસ્તારનો રહેવાસી છું... તમને આ વિશે શું ખબર છે...? તમે બધા અજ્ઞાની, ગમાર અને અશિક્ષિત છો... આ બધી બાબતોની તમને શુ ખબર છે...? તમને ખબર છે અણુ ઊર્જા પ્લાન્ટમાંથી કેટલા નુકસાનકારક કિરણોત્સર્ગ બહાર ફેંકાય છે. ..?

ત્યારબાદ સામાજીક કલ્યાણ સંસ્થાના કેટલાક કાર્યકરો આગળ આવ્યા.

તે એકદમ સાચું કહે છે. અમને વીજળી નથી જોઈતી. કિરણોત્સર્ગને કારણે સંપૂર્ણ વિસ્તારનો નાશ થઈ જશે. અમે બધા આનો વિરોધ કરીએ છીએ, કેમ ખરું ને ભાઈઓ...?






હા હા, અહી કંઈપણ થાય પણ અમે પાવર પ્લાન્ટ બનવા નહીં દઈએ.... કાલથી અમે અહીં વિરોધ પ્રદર્શન કરીશું



મિત્ર તારી વાત પરથી લાગે છે કે સામાજીક કલ્યાણ સંસ્થાઓ અને જે લોકો આનો વિરોધ કરે છે તેઓએ તને સાચી વાત નથી જણાવી... માટે તેમની વાત સાંભળીને તમે બધા અહીં વિરોધ કરવાઆવ્યા છે. હવે હું તમને પુછું છુ લખન કાકા.. કિરણોત્સર્ગ વિશે તમે કેટલું જાણો છો?

નાથુ કાકા, તમને ખબર છે એટમિક પાવર પ્લાન્ટથી શું નુકસાન થાય છે?

અને ડમરુ તું... તું તારું ભણવાનું છોડીને તેમને સાથ આપી રહ્યો છે... તું તો વિજ્ઞાનનો વિદ્યાર્થી છે... તારા મોઢેથી આ બધું સાંભળવાનું સારું નથી લાગતું...



હા હા આ લોકોને અહીં પાવર
પ્લાન્ટ નથી જોઈતો.. તું વચ્ચે નહી આવતો.
છોકરા તું તો
ચૂપ જ રહેજે. તારી
વાતથી અહીં કોઈ
ભોળવાઈ નથી
જવાનું...
અહીંથી ચાલ્યો જા...
તું કોણ છે, તેમના કલ્યાણની ચિંતા કરનારો ?
આ અમારું અને તેમનું ગામ છે. સાચું શું
અને ખોટું શું છે તેનો નિર્ણય કરવાનું
તેમના પર છોડી દે. અમે ઘણા વર્ષો તારી મીઠી
વાતો સાંભળી અને પ્રગતિમાં રુકાવટો ઊભી કરી....
અને આને પરિણામે જ અમે આજે પછાત
રહી ગયા છીએ...
અને કાકા લખન તમે...
તમે વિરોધ કરી રહ્યા છો...
તમને ખબર નથી કેન્સરથી પીડાતા
કાકીને ગયા વર્ષે શહેરની હોસ્પિટલમાં
રેડિએશનની સારવાર વડે કેવા
સાજા કરી દીધા હતા અને તેને કારણે
જ કાકી આજે તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે...
અને નાથુ કાકા, જો
એકસ-રે મસીન ન હોત તો
બે વર્ષ પહેલા તમને પગમાં
ફ્રેક્ચર થયાની જાણ થઈ
શકી ન હોત. તમને
સમયસર સારવાર મળી ન
હોત તો તમે શું આજે અહીં
ઊભા હોત ખરા ?
અને આજે પણ, આપણા
ગામમાં હજારો એવા
લોકો છે જેઓ સમયસર
યોગ્ય દવા નહીં મળવાના
અભાવે મૃત્યુને ભેટે છે...



ગામડાઓમાં સારા શિક્ષણના અભાવે હજારો બાળકો અશિક્ષિત રહી જાય છે જેને કારણે તેઓ જીવનમાં કશું કરી શકતા નથી.

આપણા ગામડાઓમાં પીવાનું ચોખ્ખું પાણી નહીં મળી શકવાને કારણે હજારો લોકો આજે પણ ઝાડાઊલટી જેવી ગંભીર બીમારીમાં પટકાય છે અને પોતાની કિંમતી જીંદગી ગુમાવી બેસે છે. પાકા રસ્તા અને ગટર વ્યવસ્થાને અભાવે આપણા ઘરોમાં વરસાદનું પાણી ઘૂસી જાય છે અને કોલેરા, મલેરિયા વગેરે પ્રકારના રોગોથી સેંકડો લોકો આજે પણ મૃત્યુ પામે છે.

આજ સુધી આ હકીકત સામે કોઈએ ધ્યાન આપ્યું નથી... છેલ્લા ૬૦-૬૫ વર્ષો સુધી આપણે બધા આ માનસિકતાથી પીડાઈએ છીએ.. ગામના વિકાસની જ્યારે જ્યારે પણ વાત આવે છે ત્યારે... જ્યારે જ્યારે પણ પ્રકાશનું કિરણ ઊગે છે. ત્યારે તમારા જેવા લોકો અને સંસ્થાઓ ત્યાં પહોંચી જાય છે અને... ગામના લોકોને ગેરમાર્ગે દોરે છે...


હું તમને પુછું છું આટલા વર્ષોમાં તમને શું મળ્યું છે... તમારી અને તમારા પરિવાર સામે જુઓ તમારી દશા કેવી છે... ગામમાં વીજળી નથી... બાળકો ભણી નથી શકતા... રાતે રસોઈ બનાવી શકાતી નથી... ખેતરોમાં સિંચાઈથી પાક લઈ શકાતા નથી... ગરીબાઈને કારણે તમે સારા બિયારણ અને વૈજ્ઞાનિક સાધનો ખરીદી શકતા નથી. શું તમે આવો વિકાસ ઈચ્છો છો ? તમારા બાળકો માટે તમે આવા સ્વપન જુઓ છો... આજે જ્યારે કોઈ સામે ચાલીને તમારો વિકાસ કરવા આગળ આવ્યો છે ત્યારે તમે બધા તેનો વિરોધ કરવા ઊભા થઈ ગયા છો...

વિરોધ કરીને તમને શું હાંસલ થશે ? તમારા બાળકના ભવિષ્ય માટે કંઈક તો વિચારો. આજે આખું વિશ્વ ચંદ્ર પર રહેવાની વાત કરે છે ત્યારે આપણે જગદીશપુર અને શિકારપુરના લોકો પૃથ્વી પર સારું જીવન પણ જીવી શકતા નથી, તમને નથી લાગતું આ માટે આપણે જ બધા જવાબદાર છીએ ?





છોકરા, તારું મોઢું બંધ રાખ. અમે તારા જેવા ઘણાં જોયા છે... તારી દલીલોથી કંઈ જ ઉપજવાનું નથી. આ ગામનો અમે વિકાસ કરીશું. આ ગામડાઓની સમૃદ્ધિ અને વિકાસનું અમે વચન આપીએ છીએ.


લોકોને વચન નથી ખપતા, તેમને કામ જોઈએ છે. જો વિશ્વ માત્ર વચનો પર ચાલતું હોત તો, તે સારું જ હોત. છેલ્લાં ૬૦-૬૫ વર્ષોમાં તમે અમારી માટે શું કર્યું, એ હું તમને પુછું છું... દર વખત તમે માત્ર વચન આપો છો અને દર વખતે લોકોને ગેરમાર્ગે દોરીને તમે વિકાસ આડે પથરા નાંખો છો.
એક મોટો ઉદ્યોગપતિ જ્યારે અહીં કપડાની ફેકટરી નાંખવા આવ્યો હતો તેનો તમે જ વિરોધ કર્યો હતા
અને તમારા મીઠા શબ્દોથી લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. આજે જો તે ફેકટરી અહીં સ્થપાઈ હોત તો કેટલા લોકોને તેમા રોજગાર મળી શકયો હોત તેનો તમને અંદાજ છે ખરો ? આજે આપણા ગામના દરેક લોકોનું જીવન ધોરણ સુધરી ગયું હોત... તમારા વિરોધને કારણે આ ફેકટરી આજે અન્ય ગામમાં ચાલી ગઈ... તે ગામમાં જઈને તે આજે ક્યાં પહોંચી ગયું તે જોઈ આવો... તે ગામના દરેક લોકોનું નશીબ ચમકી ઉઠયું...
માટે, વિકાસ અને પ્રગતિની વાતો તમારા મોઢામાં શોભતી નથી... આજે ગ્રામજનો જાગી ગયા છે.. આ વખતે તમે અમને મુરખ નહીં બનાવી શકો.
ચૂપ રહે.
પુત્ર જિગ્નેશ સાચું કહે છે.
તમારા ખોટા માર્ગદર્શનને કારણે અમે દરેક ફરી પાછી એકની એક ભૂલ કરવા જઈ રહ્યા હતા.


તું અને તારા સાથીદારો આ સામાજિક સંસ્થાઓ સાથે અહીંથી ચાલ્યા જશો એ જ સારું રહેશે.. અન્યથા તમારી માટે તે સારું નહીં રહે. ખરુંને ભાઈઓ ? હા, હા.. તમે દરેક અહીંથી ચાલ્યા જાવ...
(ગામના લોકોનો ગુસ્સો જોઈને જે લોકોને અણુ ઊર્જા સંબંધે વૈચારીક મતભેદ હતા તે લોકો અને સામાજિક સંસ્થાના સભ્યો એક એક કરતાં ત્યાંથી ચાલવા લાગ્યા... )
અને લખન કાકા, અણુ ઊર્જાને લઈને તમને હું બીજી પણ એક સ્પષ્ટતા કરી લઉં... કે એટમિક પાવર પ્લાન્ટમાંથી કોઈ કિરણોત્સર્ગ બહાર પડતા નથી.. તેમાંથી પેદા થતી વીજ સસ્તી અને શુદ્ધ હોય છે. આ ઉપરાંત, આસપાસનું વાતાવરણ પણ ઘણું સુંદર અને ચોખ્ખું છે... અને મારી વાત પાયાવિહોણી નથી... અમે બધાએ થોડાક દિવસો પૂર્વે રાજસ્થાન એટમિક એનર્જી પાવર પ્લાન્ટની મુલાકાત લીધી હતી.. અને તે અમે અમારી સગી આંખે જોયો છે... માટે, તમે બધા નચિંત રહો... બધું સારું થઈ રહેશે... ખરું ને મનસુખ કાકા ?
હા લખન. જિગ્નેશ સાચું કહે છે...થોડાક મહિના પહેલા, અમે પણ અજ્ઞાનતા અને અંધવિશ્વાસને કારણે તારી જેમ જ બોલતા હતા. અમારી આંખો ખોલવા બદલ ઈશ્વર તારું ભલું કરે જિગ્નેશ.

તું સાચું બોલ્યો, મનસુખ, દરેક ગામમાં
જિગ્નેશ જેવો એક પુત્ર હોવો જરુરી છે, જે આપણી
આંખો ખોલી શકે. સારું કર્યું, પુત્ર, આયુષ્યમાન ભવ:...

(ત્યારબાદ શિકારપુરના લોકો ત્યાંથી ચાલી ગયા)





વાહ ! જિગ્નેશ, અમને તારા પર ગર્વ છે.
તે ઘણી જ સારી રીતે આ સમસ્યાને હાથ ધરી.
તું ખરેખર અભિનંદનને પાત્ર છે...

ત્યારબાદ, મનસુખે શિલારોપણ કર્યું
અને દરેકે ખૂશ થઈને તાળીઓ પાડી અને
દરેકે એકબીજાને મિઠાઈઓ ખવડાવી
અભિનંદન આપ્યા... અને પછી
એટમિક પાવર પ્લાન્ટ થોડાક વર્ષોમાં
તબક્કાવાર ત્યાં ઊભો થયો.



એક
વર્ષ બાદ







બે
વર્ષ બાદ




ત્રણ
વર્ષ બાદ


ચાર
વર્ષ બાદ


પાંચ
વર્ષ બાદ

(અને પાંચ વર્ષ બાદ જગદીશપુર
ગામમાં એટમિક પાવર પ્લાન્ટ તૈયાર થઈ ગયો...
અને ઉદઘાટનનો દિવસ પણ આવી ગયો... તે દિવસે
દરેક ગ્રામજનો ઉદ્ઘાટન સમારંભમાં ભાગ
લેવા પહોચી ગયા...)




જગદીશપુર એટમિક


પાવર પ્લાન્ટ


દરેક ગ્રામજનોનું અહીં હાર્દિક સ્વાગત છે. તમારી સુઝબુઝ અને સમજદારીને કારણે જ આ ગામમાં ઘણાં વિરોધ છતાં એટમિક પાવર પ્લાન્ટનુંબાંધકામ શકય બન્યું. આ માટે તમે બધા અભિનંદનને પાત્ર છો, ખાસ કરીને જિગ્નેશ.


એટમિક પાવર પ્લાન્ટ બંધાઈ જવાથી આપણા ગામનો વિકાસ અને પ્રગતિ શકય બનશે તે આપણા દરેક માટે ગર્વ લેવાની વાત છે. આપણા ગામમાં ચોવીસે કલાક વીજળી ઉપલબ્ધ બનશે. આ માટે, અમે બધા તારા આભારી છીએ.


(સરપંચે ઉદ્‌ઘાટનની રિબીન કાપ્યા બાદ ગામના દરેક લોકો આનંદથી એટમિક પાવર પ્લાન્ટમાં પ્રવેશ્યા.)


જગદીશપુર એટમિક પાવર પ્લાન્ટ


(અને ત્યારબાદ, જગદીશપુર ગામમાં કમ્યુનિટી સેન્ટરનું બાંધકામ શરૂ થયું અને બે વર્ષમાં આખા જગદીશપુર ગામનો નકશો બદલાઈ ગયો.)
सामुदायिक केन्द्र का निर्माण...
કમ્યુનિટી સેન્ટર


જગદીશપુર શાળા


હોસ્પિટલનું બાંધકામ...
अस्पताल


અને એક દિવસ...
બાપુજી, મને એટમિક પાવર પ્લાન્ટમાં નોકરી મળી ગઈ.
હેં ? શું વાત કરે છે બેટા ? આ તો બહુ જ સારા સમાચાર છે. હું આ સમાચાર બધાને આપી દઉં...
(આજ રીતે ગામના અનેક લોકોને તેમની લાયકાત પ્રમાણે જગદીશપુર એટમિક પાવર પ્લાન્ટમાં નોકરી મળવા લાગી...)

(અને પાંચ વર્ષ બાદ, ગામમાં ચારે
તરફ સમૃદ્ધિ ફેલાવા લાગી અને ગામના
લોકોનો આનંદનો પાર નહતો... આ
દરેક પ્રગતિ અને વિકાસ જોઈને ગામના
લોકોની આંખોમાંથી હર્ષના આંસુ વહી
જતા હતા... ગામના દરેકનું
જીવનધોરણ
ઘણું જ સુધરી ગયું હતું....)



અને ત્યાર પછી અંતે.

# થોડાક વર્ષો બાદ. ..



વાહ, મનસુખ કાકા ! તમે તો સંપૂર્ણ બદલાઈ ગયા... નવો શર્ટ... નવું પેન્ટ.. નવી કાર... વાહ શું સાહ્યબી છે...
વાહ સવિતા કાકી, તમારા ઘરની છત તો વાંસની બની ગઈને કાંઈ, આજે એ ચમકી રહી છે. લક્ષ્મી કાકી હવે તમે આ ગામમાં આનંદ કરતા હશો...
પરેશ કાકા તમારું શું છે... તમે ખૂશ છો ને ?




બેટા, તે ખરેખર સારું કામ કર્યું છે... ગ્રામજનોને તે જે સફળતા અપાવી છે તે અમે ક્યારેય ભૂલી નહીં શકીએ. તારો ખૂબ ખૂબ આભાર.. આયુષ્યમાન ભવ : પુત્ર
XYZ123




**આમ, થોડા ક સમયગાળાની અંદર જગદીશપુર ગામ સમૃદ્ધ ગામ બની ગયું અને અન્ય ગામો માટે એક પ્રોત્સાહક આદર્શરુપ ગામ બની ગયું.**

**સમાપ્ત !**

- મિત્રો, ભારતના ખૂણેખૂણે આવા અનેક મનસુખ અને જગદીશપુર જેવા ગામ છે જ્યાં જ્ઞાનનો અભાવ અને અંધવિશ્વાસ હજુ પણ પ્રવર્તે છે. આ વાર્તા પરથી આપણે દરેક પાઠ શીખીએ તે આજની જરૂરત છે અને આપણે પણ પ્રગતિના પંથે ચાલશું અને આપણા દેશને સમૃદ્ધ બનાવીશું એવી નિર્દોષ પ્રતિજ્ઞા કરીએ....

- ઈતિહાસ એ હકીકતનો સાક્ષી છે કે, જ્યારે જ્યારે પણ કોઈએ ક્રાંતિ કરી છે ત્યારે ત્યારે તેણે લોકોની ટીકાનો ભોગ બનવું પડતું હોય છે, પછી તે ન્યુટન હોય કે આઈન્સટાઈન કે પછી જેમ્સ વોટ્ટ અથવા થોમસ આલવા એડિસન હોય. .. પ્રારંભમાં બધા તેમના પર હસતા હતા અને તેમને ઊતારી પાડતા હતા. પરંતુ તેમણે આ પડકારને તેમણે હકારાત્મક લીધો હતો અને તેમણે વિશ્વને આપેલી ભેટ એવી અનન્ય છે જેને આધારે આજે આખું વિશ્વ બદલાઈ ગયું છે. માટે આપણે પણ તેમનામાંથી પ્રેરણા લેવી જોઈએ જેથી આપણે તેમને અનુસરી શકીએ.

## અને મિત્રો,

- અને જો તમારે વિરોધ જ કરવો હોય તો, અજ્ઞાનતા, અંધવિશ્વાસ, રુઢીવાદ, અન્યાયનો વિરોધ કરો અને નહીં કે પ્રગતિ, વિકાસ અને સમૃદ્ધિનો...

- ચલો આપણે બધા પ્રતિજ્ઞા લઈએ કે આપણે કોઈપણ સંજોગોમાં ભાંગી નહીં પડીએ, ગમે તેવા સંજોગો આવે... આપણે ખચકાશું નહીં... આપણે આપણા દેશની પ્રગતિ અને વિકાસ માટે કોઈપણ ભોગે માર્ગ કરી આપશું.

- અને હવે જ્યાં આવા અન્ય મનસુખ અને ગ્રામજનોને સાચો માર્ગ બતાવી શકાય... આવા અન્ય એક ગામ તરફ આપણે વળીશું. ..

# હવે તમારો વારો છે... .

## જય હિન્દ।

**"અણુ ઊર્જા ... દેશની ઊર્જા**
**ક્લીન એનર્જી... ક્લીન ઈન્ડિયા..."**



एनपीसीआईएल
NPCIL

# ન્યૂક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ
## (ભારત સરકારનું ઉપક્રમ)
### જાહેર હિતમાં જારી કરાયું...

પ્રકાશક :

**ડાયરેક્ટોરેટ ઓફ કોર્પોરેટ પ્લાનીંગ એન્ડ કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ (સીપીએન્ડસીસી)**

૬-એસ-૧૪, વિક્રમ સારાભાઈ ભવન, અનુશક્તિ નગર, મુંબઈ-૪૦૦૦૯૪
ઈમેલ : cpcc@npcil.co.in
વેબસાઈટ www.npcil.nic.in